# સરદાર પટેલ યુનિવર્સિટી
# વલ્લભ વિદ્યાનગર

નંબરઃ કે.૪/૧૨૪૨ તા.૨૩/૦૭/૨૦૨૦

પ્રતિ,

સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ જોગ

સવિનય જણાવવાનું કે તારીખઃ ૨૧/૦૭/૨૦૨૦ને મંગળવારના રોજ મળેલ સિન્ડિકેટ સભાની કાર્યનોંધ મોકલેલ છે. કાર્યનોંધમાં જે સભ્યશ્રીઓએ જે કંઈ ફેરફાર સૂચવવાનો હોય તો તે આ કાર્યાલયને મોડામાં મોડા તા. ૩૦/૦૭/૨૦૨૦ સુધીમાં મળે તે રીતે મોકલવા વિનંતી છે.

કા.કુલસચિવ

બિડાણ : ઉપર મુજબ

# સરદાર પટેલ યુનિવર્સિટી
## વલ્લભ વિદ્યાનગર
## સિન્ડિકેટની સભા (તારીખઃ૨૧/૦૭/૨૦૨૦, મંગળવાર)
## કાર્યનોંધ

**સિન્ડિકેટની સભા, તારીખઃ૨૧/૦૭/૨૦૨૦ને મંગળવારના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યે યુનિવર્સિટીના નવા સિન્ડિકેટ ખંડમાં, વલ્લભ વિદ્યાનગર ખાતે મળી હતી.**

**સભામાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી :-**

| ક્રમ | સભ્યશ્રીઓના નામ |
|---|---|
| ૧) | ડૉ. શિરીષ આર. કુલકર્ણી (કુલપતિશ્રી) |
| ૨) | ડૉ. કે.સી.પટેલ |
| ૩) | ડૉ. નિરંજનકુમાર પી. પટેલ |
| ૪) | શ્રી બિપીનચંદ્ર પુરષોત્તમદાસ પટેલ |
| ૫) | શ્રી મહેન્દ્રભાઇ કેવલદાસ નાયી |
| ૬) | શ્રી કમલેશભાઇ રમેશભાઇ પટેલ |
| ૭) | ડૉ. યજ્ઞેશકુમાર મોહનલાલ દલવાડી |
| ૮) | શ્રી વિકાસ જીતેન્દ્રકુમાર શાહ |
| ૯) | શ્રીમતી પ્રતિક્ષા ચુનીભાઇ પટેલ |
| ૧૦) | શ્રી રાજેશભાઇ રમેશભાઇ પટેલ |
| ૧૧) | શ્રી સંજયકુમાર રમણભાઇ પટેલ |
| ૧૨) | શ્રી સુનીલ સુર્યકાન્તભાઇ શાહ |

**નીચેના સભ્યશ્રીઓ હાજર રહી શક્યા ન હતાઃ-**

| | |
|---|---|
| ૧) | ડાયરેકટર, કમિશ્નર ઓફ હાયર એજ્યુકેશન, ગુજરાત રાજ્ય |
| ૨) | ડાયરેકટર ઓફ હેલ્થ, મેડીકલ સર્વિસીસ એન્ડ મેડીકલ એજ્યુકેશન |
| ૩) | જોઇન્ટ ડાયરેકટર (કમિશ્નર ઓફ ટેકનીકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય) |
| ૪) | ડૉ. ભાવેશ ડી. પટેલ (જાણ કરી) |
| ૫) | ડૉ. વિજયસિંહ એમ.વનાર (જાણ કરી) |
| ૬) | શ્રી કેતનકુમાર પરસોત્તમદાસ પટેલ (જાણ કરી) |
| ૭) | ડૉ. મહંમદરફી ગુલાબભાઇ મન્સુરી (જાણ કરી) |
| ૮) | ડૉ. પ્રેમચંદ્ મોરારભાઇ કોરાલી (જાણ કરી) |
| ૯) | શ્રી દેવાંગભાઇ રમેશભાઇ પટેલ(જાણ કરી) |
| ૧૦) | શ્રી મેહુલકુમાર દિનેશચંદ્ર પટેલ (જાણ કરી) |
| ૧૧) | શ્રી મનિષ એસ. પટેલ (જાણ કરી) |
| ૧૨) | શ્રી રાહુલ આનંદ દલાલ |
| ૧૩) | શ્રી મીતેશભાઇ રમેશભાઇ પટેલ (જાણ કરી) |

**શ્રી અલ્પેશ પુરોહિતને તા.૧૬-૦૮-૨૦૧૯ની સિન્ડિકેટ સભાના ઠરાવ અનુસાર તા.૧૫-૦૮-૨૦૨૦ સુધી સિન્ડિકેટની કોઇપણ સભામાં હાજરીમાંથી બાકાત રાખવામાં આવે છે.**

યુનિવર્સિટી ગીતના મંગળ આહવાનથી સભાની શરૂઆત કરવામાં આવી.

**(સિન્ડિકેટ વિભાગ)**

૧. તારીખઃ૦૩/૦૬/૨૦૨૦, બુધવાર અને તારીખઃ ૨૨/૦૬/૨૦૨૦, સોમવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાની કાર્યનોંધ મંજૂર કરવા બાબત. (બિડાણઃ૧ પૃ.૧થી૧૦ અને બિડાણઃ૧.૧ પૃ.૧થી૨)

**તારીખઃ૦૩/૦૬/૨૦૨૦, બુધવાર અને તારીખઃ ૨૨/૦૬/૨૦૨૦, સોમવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાની કાર્યનોંધ મંજૂર કરવામાં આવી.**

૨. તારીખઃ૦૩/૦૬/૨૦૨૦, બુધવાર અને તારીખઃ૨૨/૦૬/૨૦૨૦, સોમવાર ના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ પસાર કરેલા ઠરાવો ઉપર કરેલી કાર્યવાહિના અહેવાલની નોંધ લેવા બાબત.(બિડાણઃ૨ અને ૨-૧)

**તારીખઃ૦૩/૦૬/૨૦૨૦, બુધવાર અને તારીખઃ૨૨/૦૬/૨૦૨૦, સોમવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ પસાર કરેલ ઠરાવો ઉપર કરેલ કાર્યવાહી મંજૂર કરવામાં આવી.**

૩. કા.આચાર્યશ્રી, સી. બી. પટેલ આર્ટસ કોલેજ, નડીયાદે તેઓના પત્રાંક નંઃ૧૬/૨૦૨૦-૨૧ તારીખઃ૦૯ /૦૬/૨૦૨૦ના પત્રમાં જણાવ્યા પ્રમાણે વર્ષ ૨૦૨૦-૨૧થી એમ.એ(અંગ્રેજી)નો અભ્યાસક્રમ કાયમી ધોરણે બંધ કરવા માટે કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે સી. બી. પટેલ આર્ટસ કોલેજ, નડીયાદમાં વર્ષ ૨૦૨૦-૨૧થી એમ.એ(અંગ્રેજી)નો અભ્યાસક્રમ કાયમી ધોરણે બંધ કરવા સંદર્ભે જરૂરી કાર્યવાહી હાથ ધરવી.**

**(એકેડેમિક વિભાગ)**

૪. મંત્રીશ્રી, ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદના તારીખઃ૨/૬/૨૦૨૦ના પત્ર ક્રમાંકઃ C.E.S./02/ 2020થી તેઓની સોસાયટી સંચાલિત શ્રી વી. ઝેડ. પટેલ કોમર્સ કોલેજ, આણંદમાં નીચેના અધ્યાપકોની કરવામાં આવેલ નિમણૂંકોને માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત;

**શ્રી વી. ઝેડ. પટેલ કોમર્સ કોલેજ, આણંદ**

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| ૧. | Dr. Narendrasinh Bhagavansinh Raj<br>બી.કોમ. એપ્રિલ-૨૦૦૫ ૬૧.૩૧%<br>એમ.કોમ. એપ્રિલ-૨૦૦૭ ૬૦.૨૫%<br>એમ.ફીલ. (કોમર્સ) માર્ચ-એપ્રિલ-૨૦૧૦ ૭૦.૨૫%<br>**જીસેટ (કોમર્સ) જાન્યુઆરી-૨૦૧૫**<br>**પીએચ.ડી. (કોમર્સ) ઓગષ્ટ-૨૦૧૮**<br>**શૈક્ષણિક અનુભવ :**<br>૧૧ વર્ષ ૮ માસ અધ્યાપક સહાયક | Assistant Professor in Accountancy, Commerce and Management | લાયકાત ધરાવે છે. |

| | | | |
|---|---|---|---|
| ૨. | Dr. Bhartiben Dilipsinh Raj<br>બી.કોમ. એપ્રિલ-૨૦૦૨ ૫૯.૧૮%<br>એમ.કોમ. એપ્રિલ-૨૦૦૪ ૫૮.૧૨%<br>બી.એડ્.(ઇકોનોમીકસ, કોમર્સ) એપ્રિલ-૨૦૦૬ ૭૮.૨૧%<br>એમ.ફીલ. (કોમર્સ) માર્ચ-એપ્રિલ-૨૦૧૦ ૬૬.૨૫%<br>**<u>પીએચ.ડી. (કોમર્સ) મે-૨૦૧૯</u>**<br>**<u>શૈક્ષણિક અનુભવ :</u>**<br>૧૧ વર્ષ ૮ માસ અધ્યાપક સહાયક | Assistant Professor in Accountancy, Commerce and Management | લાયકાત ધરાવે છે. |

**આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196 અને Statute:197ની જોગવાઇ મુજબ શ્રી વી. ઝેડ. પટેલ કોમર્સ કોલેજ, આણંદમાં ઉપરોકત ક્રમાંકઃ ૧ થી ૨ની કરેલ અધ્યાપકોની નિમણૂંકને માન્યતા આપવી.**

૫. કાર્યકારી આચાર્યશ્રી, શ્રીમતી કમલાબેન પી. પટેલ ઇન્સ્ટિટયુટ ઓફ ફીજીયોથેરાપી એન્ડ ઓકયુપેશનલ થેરાપી, આણંદના તારીખઃ ૧૧/૨/૨૦૨૦ના પત્રથી તેમની કોલેજમાં નીચેના અધ્યાપકની કરવામાં આવેલ નિમણૂંકને માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત;

**શ્રીમતી કમલાબેન પી. પટેલ ઇન્સ્ટિટયુટ ઓફ ફીજીયોથેરાપી એન્ડ ઓકયુપેશનલ થેરાપી, આણંદ**

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| ૧. | Megha Maheshkumar Punambhai<br>બેચલર ઓફ ઓકયુપેશનલ થેરાપી ઓગષ્ટ-૨૦૧૬ ૫૩.૭૩%<br>માસ્ટર ઓફ ઓકયુપેશનલ થેરાપી ઓગષ્ટ-૨૦૧૯ ૬૧.૨૮% | Assistant Professor in Occupational Therapy | લાયકાત ધરાવે છે. |

**<u>Qualifications Experience & Other Eligibility Requirement for Appointment of Assistant Professor in Occupational Therapy Teachers :</u>**

* Bachelor's Degree in Physiotherapy (B.O.T./B.Th.B.O.Th.) Master's in Occupational Therapy (M.O.Th./M.Th.O./M.Sc. O.T./M.O.T.) with at least 55% marks (or an equivalent grade in a point scale wherever the grading system is followed) from a recognized University.

**આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196 અને Statute:197ની જોગવાઇ મુજબ શ્રીમતી કમલાબેન પી. પટેલ ઇન્સ્ટિટયુટ ઓફ ફીજીયોથેરાપી એન્ડ ઓકયુપેશનલ થેરાપી, આણંદમાં ઉપરોકત ક્રમાંકઃ ૧ની કરેલ અધ્યાપકોની નિમણૂંકને માન્યતા આપવી.**

૬. **માનદ્ નિયામકશ્રી, ભાઇકાકા સેન્ટર ફોર હ્યુમનસેટલમેન્ટ અરવિંદભાઇ પટેલ ઇન્સ્ટીટયુટ ઓફ એન્વારમેન્ટલ ડિઝાઇન, વલ્લભ વિદ્યાનગરના તારીખઃ૧૮/૬/૨૦૧૮ના પત્ર ક્રમાંકઃ**PG/14/2018**થી તેમની કોલેજમાં** Bhatt Bhasker Vijaykumar**ની** Associate Professor (Master of Planning) **તરીકે કરેલ નિમણૂંકને માન્યતા આપવા અંગે વિચારણા કરવા બાબત.**

**શૈક્ષણિક લાયકાતઃ**
ડીપ્લોમાં ઇન સિવિલ એન્જી. ૨૦૦૦ ૭૮.૪૭%
બેચલર ઓફ એન્જી. (સિવિલ) ૨૦૦૪ ૭૯.૮૩%
માસ્ટર ઓફ ટાઉન એન્ડ રીજીયોનલ પ્લાનીંગ ૨૦૦૭ 9.39 CGPA
માસ્ટર ઓફ બિઝનેશ એડમીનીસ્ટ્રેશન ૨૦૧૩ ૬૫.૫૦%
**શૈક્ષણિક અનુભવઃ** ૬ વર્ષ ૭ માસ આસી.પ્રોફેસર
**પ્રોફેશનલ અનુભવઃ** ૩ વર્ષ ૯ માસ

**આથી ઠરાવવામાં આવે છે કે માનદ્ નિયામકશ્રી, ભાઇકાકા સેન્ટર ફોર હ્યુમનસેટલમેન્ટ અરવિંદભાઇ પટેલ ઇન્સ્ટીટયુટ ઓફ એન્વારમેન્ટલ ડિઝાઇન, વલ્લભ વિદ્યાનગરના તારીખઃ૧૮/૬/૨૦૧૮ના પત્ર ક્રમાંકઃPG/14/2018થી તેમની કોલેજમાં** Bhatt Bhasker Vijaykumarની Associate Professor (Master of Planning) **તરીકે કરેલ નિમણૂંકને માન્યતા આપવી.**

૭. **માનદ્ નિયામકશ્રી, ડૉ. એચ.એમ.પટેલ સ્કુલ ઓફ ઇન્ટિરીયર ડિઝાઇન અરવિંદભાઇ પટેલ ઇન્સ્ટીટયુટ ઓફ એન્વારમેન્ટલ ડિઝાઇન, વલ્લભ વિદ્યાનગરના તારીખઃ૩/૭/૨૦૧૮ના પત્ર ક્રમાંકઃ**BID/60/2018 **થી તેમની કોલેજમાં** Chauhan Mekhla Balbirsinghની Associate Professor તરીકે કરેલ નિમણૂંક ને માન્યતા આપવા અંગે વિચારણા કરવા બાબત.

**શૈક્ષણિક લાયકાતઃ**
બી.એસસી. જુન-૨૦૦૦ ૬૧.૩૩%
ડીપ્લોમાં ઇન ઇન્ટીરીયર ડિઝાઇન નવે.-૨૦૦૪ ડી-ગ્રેડ 2.95 GPA
માસ્ટર ઓફ આર્કીટેકચર જુન-૨૦૦૮ ૫૮.૬૦%
**શૈક્ષણિક અનુભવઃ** ૧ વર્ષ ૮ માસ આસી.પ્રોફેસર
**પ્રોફેશનલ અનુભવઃ** ૯ વર્ષ ૪ માસ

**આથી ઠરાવવામાં આવે છે કે માનદ્ નિયામકશ્રી, ડૉ. એચ.એમ.પટેલ સ્કુલ ઓફ ઇન્ટિરીયર ડિઝાઇન અરવિંદભાઇ પટેલ ઇન્સ્ટીટયુટ ઓફ એન્વારમેન્ટલ ડિઝાઇન, વલ્લભ વિદ્યાનગરના તારીખઃ૩/૭/૨૦૧૮ના પત્ર ક્રમાંકઃBID/60/2018 થી તેમની કોલેજમાં** Chauhan Mekhla Balbirsingh**ની Associate Professor તરીકે કરેલ નિમણૂંક ને માન્યતા આપવી.**

૮. કાર્યકારી આચાર્યશ્રી, એમ. બી. પટેલ સાયન્સ, આણંદના તારીખઃ ૧૬/૧૨/૨૦૧૯ના પત્ર નં. W-2/1076/2019-20થી તેમની કોલેજમાં Nisarg Kantilal Prajapatiની Assistant Professor in B.Sc. (Industrial Chemistry) તરીકે કરેલ નિમણુંકને માન્યતા આપવા કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત;

**સદર બાબત હાલ પુરતી મુલ્તવી રાખવી.**

૯. નીચે દર્શાવેલ અભ્યાસ સમિતિઓની સ્ટેચ્યૂટ-૭૬ને અનુરૂપ નવરચના કરવા તથા તેના અધ્યક્ષશ્રીઓ(ચેરમેન)ની નિમણૂક કરવા બાબત. (બિડાણઃ૩)

| અ.નં. | અભ્યાસ સમિતિનું નામ | હાલના કાર્યકારી અધ્યક્ષ |
|---|---|---|
| ૧. | **વિનયન વિદ્યાશાખા** | |
| | ૧) ભૂગોળ | શ્રીમતિ કલ્પના આર. માલવત(નલિની આર્ટ્સ કોલેજ) |
| | ર) લોજીક એન્ડ ફિલોસોફી | શ્રી બી. એમ. ગજેરા (નલિની આર્ટ્સ કોલેજ) |

| | | |
|---|---|---|
| ર. | **વિજ્ઞાન વિદ્યાશાખા** | |
| | ૧) ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી | ડૉ. પી. એમ. પટેલ (વી.પી.સાયન્સ કોલેજ) |

**આથી ઠરાવવામાં આવે છે કે કાર્યસૂચિનાં બિડાણઃ૩માં દર્શાવ્યા પ્રમાણે વિનયન વિદ્યાશાખા અને વિજ્ઞાન વિદ્યાશાખા અંતર્ગત દર્શાવેલ ભૂગોળ, લોજીક એન્ડ ફિલોસોફી અને ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી અભ્યાસ સમિતિની રચના તારીખઃ૨૨/૦૭/૨૦૨૦ થી તારીખઃ૨૧/૦૭/૨૦૨૩ સુધી કરવી.**

**તથા**

**એક જ સભ્ય હોવાને કારણે તા.૦૫/03/૨૦૨૦ની સિન્ડિકેટની સભાના બાબતક્રમાંકઃ03ના ઠરાવ અનુસાર દર્શાવેલ અભ્યાસ સમિતિઓ અન્ય બોર્ડ ઓફ સ્ટડીઝ સાથે મર્જ(સમઆયોજીત) કરવામાં આવેલ હતી, તેને સ્ટેચ્યુટ-૭૬ અનુસારજ રાખવામાં આવશે, પરંતુ અન્ય યુનિવર્સિટીના વિષય તજજ્ઞોના નામ ઉમેરવામાં આવેલ છે તથા તેના ચેરમેન(અધ્યક્ષશ્રી) ઉપરોક્ત દર્શાવેલ નામ પ્રમાણે દર્શાવેલ તારીખથી ત્રણ વર્ષ માટે રહેશે.**

૧૦. મંત્રીશ્રી, શ્રી બોરીઆવી કેળવણી મંડળ, બોરીઆવીના તારીખઃ૧૦/૭/૨૦૨૦ના પત્ર નં. ૧૯૮/સિન્ડીકેટ એપ્રુવલ/૨૦૨૦-૨૧થી તેમના મંડળ સંચાલિત તારકેશ એન્ડ નિરંજના સુરેશભાઇ પટેલ કોમર્સ કોલેજ, બોરીઆવીમાં નીચે મુજબના અધ્યાપકોની કરવામાં આવેલ નિમણૂંકોને માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

**તારકેશ એન્ડ નિરંજના સુરેશભાઇ પટેલ કોમર્સ કોલેજ, બોરીઆવી**

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| ૧. | Saeeda Faizanbhai Abdulrazak<br>બી.કોમ. એપ્રિલ-૨૦૧૫ ૬૫.૪૫%<br>એમ.કોમ. એપ્રિલ-૨૦૧૭ ૭૨.૪૦%<br>એમ.ફીલ. (કોમર્સ) માર્ચ-૨૦૧૮ ૮૧.30%<br>**જીસેટ (કોમર્સ) નવેમ્બર-૨૦૧૭** | Assistant Professor in Commerce & Accountancy | લાયકાત ધરાવે છે. |
| ૨. | Dr. Maitri Bipinchandra Shah<br>બી.કોમ. એપ્રિલ-૨૦૧૧ ૬૩.૭૫%<br>એમ.કોમ. એપ્રિલ-૨૦૧૩ ૮૮.૫૦%<br>એમ.ફીલ. (કોમર્સ) એપ્રિલ-૨૦૧૪ ૭૯.૭૫%<br>**પીએચ.ડી. (કોમર્સ) જુલાઇ-૨૦૧૯** | Assistant Professor in Commerce & Accountancy | લાયકાત ધરાવે છે. |

| | | | |
|---|---|---|---|
| | **શૈક્ષણિક અનુભવ:** ૯ માસ પાર્ટ ટાઇમ ફેકલ્ટી | | |
| ૩. | Dr. Pratikkumar Ganeshbhai Rohit (SC)<br>બી.એ. (ઇકોનોમીકસ) એપ્રિલ-૨૦૦૮ ૬૭.૨૭%<br>એમ.એ. (ઇકોનોમીકસ) એપ્રિલ-૨૦૧૦ ૫૧.૫૦%<br>એમ.ફીલ. (ઇકોનોમીકસ) એપ્રિલ-૨૦૧૧ ૫૬.૫૦%<br>**પીએચ.ડી. (ઇકોનોમીકસ) સપ્ટેમ્બર-૨૦૧૯**<br>**જીસેટ (કોમર્સ) માર્ચ-૨૦૨૦** | Assistant Professor in Economics | લાયકાત ધરાવે છે. |

**આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196 અને Statute:197ની જોગવાઇ મુજબ તારકેશ એન્ડ નિરંજના સુરેશભાઇ પટેલ કોમર્સ કોલેજ, બોરીઆવીમાં ઉપરોકત ક્રમાંકઃ ૧ થી ૩ની કરેલ અધ્યાપકોની નિમણૂંકને માન્યતા આપવી.**

**૧૧.** ચેરમેનશ્રી, સંસ્કૃતી એજ્યુકેશનલ એન્ડ ચેરીટિબલ ટ્રસ્ટ, દહેમીના તારીખઃ૬/૭/૨૦૨૦ના પત્ર નં. SECT/ 118/2020થી તેમના ટ્રસ્ટ સંચાલિત ભાર્ગવા હોમિયોપેથિક મેડીકલ કોલેજ, દહેમીમાં નીચે મુજબના અધ્યાપકોની કરવામાં આવેલ નિમણૂંકોને માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| ૧ | Dr. Sunil Shankarlal Bhutada<br>બી.એચ.એમ.એસ., એપ્રિલ-૧૯૮૯, ૬૩.૨૮%<br>એમ.ડી. (મટેરીયા મેડીકા) ૨૦૦૦<br>**શૈક્ષણિક અનુભવ:**૯ વર્ષ લેકચરર, ૬ વર્ષ ૪ માસ પ્રોફેસર<br>૪ વર્ષ પ્રોફેસર એન્ડ હેડ, ૫ વર્ષ ૮ માસ પ્રિન્સીપાલ | Professor in Physiology & Biochemistry | લાયકાત ધરાવે છે |
| ૨ | Dr. Purnima Ashok Patel<br>(Dr. Purnima Chhotubhai Shroff)<br>બી.એચ.એમ.એસ., જાન્યુઆરી-૧૯૯૯ ૫૮.૬૦%<br>એમ.ડી. (મટેરીયા મેડીકા) ૨૦૧૦<br>**શૈક્ષણિક અનુભવ:** ૧ વર્ષ ૫ માસ લેકચરર<br>૧૭ વર્ષ ૭ માસ એસો.પ્રોફેસર/રીડર | Professor in Homoeopathic Materia Medica | લાયકાત ધરાવે છે |
| ૩ | Dr. Huseni Shabnam Sahil<br>(Dr. Shabnam Munawerhusen Saiyed)<br>બી.એચ.એમ.એસ., એપ્રિલ-૨૦૦૨, ૫૮.૪૦%<br>એમ.ડી. (હોમિયોપેથીક)(ઓર્ગેનોન એન્ડ હોમિયોપેથી ફિલોસોફી) મે-૨૦૧૦<br>**શૈક્ષણિક અનુભવ:**૪ વર્ષ લેકચરર, ૬ વર્ષ રીડર<br>૧ વર્ષ ૨ માસ પ્રોફેસર | Professor in Organon of Medicine | લાયકાત ધરાવે છે |

| | | | |
|---|---|---|---|
| ૪ | Dr. Praharsh Nareshbhai Rajyaguru<br>**બી.એચ.એમ.એસ., એપ્રિલ-૨૦૧૦ ૫૭.૬૮%**<br>**એમ.ડી. (મટેરીયા મેડીકા) એપ્રિલ-૨૦૧૫**<br>**<u>શૈક્ષણિક અનુભવ</u>:૩ વર્ષ ૨ માસ લેકચરર**<br>**૮ માસ આસી.પ્રોફેસર**<br>**(તારીખ:૫/૬/૨૦૧૯થી એસો.પ્રોફેસર ચાલુ)** | Associate Professor in Anatomy | **લાયકાત ધરાવે છે** |
| ૫ | Dr. Kaushal Bharatbhai Bhatt<br>**બી.એચ.એમ.એસ., એપ્રિલ-૨૦૧૦ ૬૦.૨૫%**<br>**એમ.ડી. (મટેરીયા મેડીકા) એપ્રિલ-૨૦૧૫**<br>**<u>શૈક્ષણિક અનુભવ</u>:૪ વર્ષ ૨ માસ લેકચરર / આસી.પ્રોફેસર** | Associate Professor in Homoeopathic Materia Medica | **લાયકાત ધરાવે છે** |
| ૬ | Dr. Mitulkumar Rajendrabhai Parekh<br>**બી.એચ.એમ.એસ., એપ્રિલ-૨૦૦૮ ૫૬.૬૨%**<br>**એમ.ડી. (રેપર્ટરી) સપ્ટેમ્બર-૨૦૧૩**<br>**<u>શૈક્ષણિક અનુભવ</u>:૨ વર્ષ એડહોક લેકચરર, ૨ વર્ષ આસી.પ્રોફેસર** | Associate Professor in Pathology & Microbiology | **લાયકાત ધરાવે છે** |
| ૭ | Dr. Dhrupad Motibhai Varia<br>**બી.એચ.એમ.એસ., માર્ચ-જૂન-૨૦૦૭ ૬૨.૬૦%**<br>**એમ.ડી. (ઓર્ગેનોન મેડીસીન) માર્ચ-જૂન-૨૦૧૨**<br>**<u>શૈક્ષણિક અનુભવ</u>:૩ વર્ષ ૭ માસ મેડીકલ ઓફીસર**<br>**૧ વર્ષ ૯ માસ લેકચરર, ૨ વર્ષ ૯ માસ એસો.પ્રોફેસર** | Associate Professor in Surgery | **લાયકાત ધરાવે છે** |
| ૮ | Dr. Ami Kaushal Bhatt<br>(Dr. Ami Vinodchandra Patel)<br>**બી.એચ.એમ.એસ., એપ્રિલ-૨૦૧૦ ૫૩.૨૫%**<br>**એમ.ડી. (રેપર્ટરી) એપ્રિલ-૨૦૧૫**<br>**<u>શૈક્ષણિક અનુભવ</u> :૩ વર્ષ ૧૧ માસ એડહોક લેકચરર** | Associate Professor in Obstetrics & Gynaecology | **લાયકાત ધરાવે છે** |
| ૯ | Dr. Abhishek Jagdishchandra Udani<br>**બી.એચ.એમ.એસ., એપ્રિલ-૨૦૦૧ ૫૧.૬૦%**<br>**એમ.ડી. (રેપર્ટરી) જાન્યુઆરી-૨૦૦૬**<br>**<u>શૈક્ષણિક અનુભવ</u>: ૪ વર્ષ ૮ માસ લેકચરર**<br>**૧૦ માસ રીડર, ૭ માસ એસો.પ્રોફેસર** | Associate Professor in Case Taking and Repertory | **લાયકાત ધરાવે છે** |
| ૧૦ | Dr. Rutviben Mukeshbhai Mistry<br>**બી.એચ.એમ.એસ., એપ્રિલ-૨૦૧૨ ૫૮.૮૧%**<br>**એમ.ડી. (મટેરીયા મેડીકા) ડિસેમ્બર-૨૦૧૬**<br>**<u>શૈક્ષણિક અનુભવ</u>: ૨ વર્ષ ૫ માસ એડહોક લેકચરર** | Assistant Professor in Homoeopathic Materia Medica | **લાયકાત ધરાવે છે** |

| | | | |
|---|---|---|---|
| ૧૧ | Dr. Rimpal Shaileshkumar Chauhan<br>બી.એચ.એમ.એસ., એપ્રિલ-૨૦૧૧ ૫૯.૯૩%<br>એમ.ડી. (મટેરીયા મેડીકા) માર્ચ-૨૦૧૬<br>**શૈક્ષણિક અનુભવઃ** ૩ વર્ષ ૬ માસ એડહોક લેકચરર | Assistant Professor in Forensic Medicine & Toxicology (F.M. & T.) | લાયકાત ધરાવે છે |
| ૧૨ | Dr. Akash Navinchandra Joshi<br>બી.એચ.એમ.એસ., માર્ચ-૨૦૧૩ ૬૦.૦૬%<br>એમ.ડી. (મટેરીયા મેડીકા) ડિસેમ્બર-૨૦૧૭ | Assistant Professor in Forensic Medicine & Toxicology (F.M. & T.) | લાયકાત ધરાવે છે |
| ૧૩ | Dr. Viralben Devrajbhai Vaghasiya<br>બી.એચ.એમ.એસ., ફેબ્રુઆરી-૨૦૧૫ ૬૦.૩૭%<br>એમ.ડી. (મટેરીયા મેડીકા) ડિસેમ્બર-૨૦૧૯ | Assistant Professor in Anatomy | લાયકાત ધરાવે છે |

**આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196 અને Statute:197ની જોગવાઇ મુજબ ભાર્ગવા હોમિયોપેથિક મેડીકલ કોલેજ, દહેમીમાં ઉપરોકત ક્રમાંકઃ ૧ થી ૧૩ની કરેલ અધ્યાપકોની નિમણૂંકને માન્યતા આપવી.**

**(મહેકમ વિભાગ)**

૧૨. યુનિવર્સિટીમાં નીચે જણાવેલા કર્મચારીઓ તેમના નામ સામે દર્શાવેલી તારીખે બે વર્ષનો અજમાયશી સમય પુરો કરતા હોઇ તેઓને જે તે કાયમી જગા ઉપર કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

| **અનુ.** | **નામ, હોદ્દો અને વિભાગ** | **બે વર્ષનો અજમાયશી સમય પૂરો થવાની તારીખ** |
|---|---|---|
| ૧. | શ્રી હર્ષદકુમાર રાવજીભાઈ ભાડેશિયા<br>સુથાર,એસ્ટેટ વિભાગ | ૩૧-૦૭-૨૦૨૦ |
| ૨. | શ્રી મુકુંદભાઈ કારીયાભાઈ રાઠવા<br>નાયક,અનુસ્નાતક રસાયણશાસ્ત્ર વિભાગ | ૩૧-૦૭-૨૦૨૦ |

**આથી ઠરાવવામાં આવે છે કે કાર્યસુચીમાં દર્શાવેલ ક્રમાંક ૧ થી ૨માં દર્શાવેલ કર્મચારીઓનો અજમાયશી સમયગાળા દરમ્યાનની કામગીરી સંતોષકારક હોઇ સંબંધકર્તા તારીખથી તેઓને કાયમી જગ્યા ઉપર કાયમી તરીકેનો આદેશ બહાર પાડવો.**

(**એકેડેમિક વિભાગ**)

૧૩. અનુસ્નાતક બિઝનેસ સ્ટડીઝ વિભાગના વડાશ્રીની નિમણૂંક કરવા બાબત.

**ચર્ચા વિચારણાના અંતે આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક બિઝનેસ સ્ટડીઝ વિભાગના કાર્યકારી વડાશ્રી તરીકે ડૉ. સંદિપ ભટ્ટની અન્ય આદેશન થાય ત્યાં સુધી નિમણૂક કરવી.**

૧૪. <u>અનુસ્નાતક ફાર્મસ્યુટીકલ સાયન્સ વિભાગના વડાશ્રીની નિમણૂંક કરવા બાબત.</u>

**ચર્ચા વિચારણાના અંતે આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક ફાર્મસ્યુટીકલ સાયન્સ વિભાગના વડાશ્રી તરીકે ડૉ. વિજયકુમાર કે. પરમારની તાઃ૨૨/૦૭/૨૦૨૦ થી તાઃ૨૧/૦૭/૨૦૨૫ સુધી પાંચ વર્ષ માટે યુનિવર્સિટીના નિયમાનુસાર નિમણૂક કરવી.**

૧૫. <u>અનુસ્નાતક ઈલેક્ટ્રોનીક વિભાગના વડાશ્રીની નિમણૂંક કરવા બાબત.</u>

**ચર્ચા વિચારણાના અંતે આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક ઈલેક્ટ્રોનીક વિભાગના વડાશ્રી તરીકે ડૉ. શહેરા એસ.પટેલની નિમણૂંક યુસિક વિભાગમાં થયેલ હોવા છતાં ઈલેક્ટ્રોનિક્સ વિભાગમાં તાઃ૨૨/૦૭/૨૦૨૦ થી તાઃ૨૧/૦૭/૨૦૨૫ સુધી પાંચ વર્ષ માટે યુનિવર્સિટીના નિયમાનુસાર નિમણૂક કરવી.**

૧૬. <u>અનુસ્નાતક આંકડાશાસ્ત્ર વિભાગના વડાશ્રીની નિમણૂંક કરવા બાબત.</u>

**ચર્ચા વિચારણાના અંતે આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક આંકડાશાસ્ત્ર વિભાગના વડાશ્રી તરીકે ડૉ. (મીસીસ) જે. એમ.દિવેચાની તાઃ૨૨/૦૭/૨૦૨૦ થી તાઃ૨૧/૦૭/૨૦૨૫ સુધી પાંચ વર્ષ માટે યુનિવર્સિટીના નિયમાનુસાર નિમણૂક કરવી.**

૧૭. <u>અનુસ્નાતક મટીરીયલ સાયન્સ વિભાગના વડાશ્રીની નિમણૂંક કરવા બાબત.</u>

**ચર્ચા વિચારણાના અંતે આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક મટીરીયલ સાયન્સ વિભાગના વડાશ્રી તરીકે ડૉ. એન. એમ.બત્રાની તાઃ૨૨/૦૭/૨૦૨૦ થી તાઃ૨૧/૦૭/૨૦૨૫ સુધી પાંચ વર્ષ માટે યુનિવર્સિટીના નિયમાનુસાર નિમણૂક કરવી.**

૧૮. **કુલપતિશ્રીએ મંજૂર કરેલા કાર્યની માહિતી :-**

(૧) **(મંજુરી આપ્યા તા. ૧૫/૦૭/૨૦૨૦) (મહેકમ વિભાગ)**

(૧) સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે નાયબ કુલસચિવ તરીકે શ્રી તુષારકાંત સી. મજમુદાર તારીખઃ ૧૪/૦૬/૨૦૨૦ ના રોજ વયોચિત નિવૃત થયેલ છે. યુનિર્સિટીની રોજબરોજની વહીવટી કામગીરીમાં યુનિવર્સિટી વહીવટનું સુચારૂ સંચાલન હાથ ધરી શકે તે હેતુથી **શ્રી. તુષારકાંત સી. મજમુદારની** ખાસ કિસ્સા તરીકે **વહીવટી અધિકારી** તરીકે **રૂા.૩૦,૦૦૦**/- પ્રતિ માસના માનધન સાથે તદ્દન હંગામી ધોરણે **<u>તારીખઃ ૧૮/૦૬/૨૦૨૦ થી તારીખઃ૧૭/૦૯/૨૦૨૦</u>** સુધી અર્થાત્ **૦૩ માસ** માટેના સમયગાળા માટે નિમણૂંક કુલપતિશ્રીએ મંજુર કર્યાના;

તથા

(૨) સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે પ્રોજેક્ટ ઓફિસર (હંગામી) તરીકે શ્રી જયંતભાઈ મેકવાન તારીખઃ ૧૪/૦૬/૨૦૨૦ ના રોજ વયોચિત નિવૃત થયેલ છે. યુનિર્સિટીની રોજબરોજની વહીવટી કામગીરીમાં યુનિવર્સિટી વહીવટનું સુચારૂ સંચાલન હાથ ધરી શકાય તે હેતુથી **શ્રી. જયંતભાઈ મેકવાનની** ખાસ

કિસ્સા તરીકે **મદદનીશ વહીવટી અધિકારી** તરીકે **રૂા.૨૫,૦૦૦/-** પ્રતિ માસના માનધન સાથે તદ્દન હંગામી ધોરણે **તારીખઃ ૧૮/૦૬/૨૦૨૦ થી તારીખઃ ૧૭/૦૫/૨૦૨૧** સુધી અર્થાત્ **૧૧ માસ** માટેના સમયગાળા માટે નિમણૂંક કુલપતિશ્રીએ મંજુર કર્યાના;

(નોંધઃ (૧) ઉકત નિમણુંકો અંગેનો કાર્યાલય આદેશ આ કાર્યાલયના તારીખઃ ૩૦/૦૬/૨૦૨૦ ના ક્રમાંક નંઃબી/એસ.એફ./૮૧૬ થી તથા નંઃ બી/એસ.એફ./૮૧૭ થી સબંધકર્તાને નિમણૂંક પત્રો પાઠવેલ છે.

(૨) ઉકત નિમણુંકો અંગેનો ખર્ચ **"Recurring Development Fund" Code No: ૩૦૬૪૭** ખાતેથી મેળવવામાં આવશે.)

**કુલપતિશ્રીએ ઉપરોકત મંજૂર કરેલ કાર્ય બાબત ક્રમાંકઃ ૧૮.૧ ને બહાલી આપવામાં આવી.**

૧૯. સી.વી.એમ યુનિવર્સિટીના પત્ર ક્રમાંકઃ સી.વી.એમ યુનિ./૮૫/૨૦૧૯-૨૦/૧૫ ગુજરાત સરકારે ચારુતર વિધા મંડળને પ્રાઈવેટ યુનિવર્સિટી સ્ટેટસ આપેલ છે. જે અનુસાર સિન્ડિકેટ સભા તારીખઃ૦૩-૦૬-૨૦૨૦ના બાબત ક્રમાંકઃ ૧૪માં સી.વી.એમ યુનિવર્સિટી માટે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું હતું. (બિડાણઃ૪)

આથી ઠરાવવામાં આવે છે કે...

૧) સી.વી.એમ યુનિવર્સિટીના પત્ર ક્રમાંકઃ સી.વી.એમ યુનિ./૮૫/૨૦૧૯-૨૦/૧૫ પ્રમાણે ગુજરાત સરકારે ચારુતર વિધા મંડળને પ્રાઈવેટ યુનિવર્સિટી સ્ટેટસ આપેલ છે. ગુજરાત પ્રાઈવેટ યુનિ.(સેકન્ડ અમેન્ડમેન્ટ)એકટ ૨૦૧૯(ગુજરાત એકટ નંબરઃ૨૦)હેઠળ શિક્ષણ વિભાગે તા.૨૦-૦૯-૨૦૧૯ના રોજ જાહેરનામું નંબરઃGH/SH/82/ EPU/2019 /1025/KH-1 બહાર પાડેલ છે. પ્રાઈવેટ યુનિવર્સિટી એકટ-૨૦૧૯ નં-૨૦ સેકશન ૩(૫) અને સેકશન ૪૫ ધ્યાને લેતા સ્પોનસરીંગ બોડી ચારુતર વિધા મંડળ સંચાલીત સેલ્ફ ફાઈનાન્સ કોલેજો/ઈન્સ્ટીટયુટને સી.વી.એમ યુનિવર્સિટીમાં તબદીલ કરવા સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧થી તબકકાવાર ડી-એફીલીએટ કરીએ.

તેમજ સ્પોનસરીંગ બોડી ચારુતર વિધા મંડળ સંચાલીત ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજો/ ઈન્સ્ટીટયુટ તથા તેમાં ચાલતા સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમોનું એફીલીએશન સરદાર પટેલ યુનિવર્સિટીમાં અથવા સી.વી.એમ યુનિવર્સિટી સાથે સરકારની સ્પષ્ટતાની અપેક્ષાએ અનિર્ણિત રાખીએ.

તારીખઃ૦૮/૦૬/૨૦૨૦ના રોજ માનનીય શિક્ષણમંત્રીશ્રી સાથે કુલપતિશ્રીની રૂબરૂ મુલાકાત દરમ્યાન થયેલ ચર્ચા અનુસાર ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજો/ ઈન્સ્ટીટયુટ તથા તેમાં ચાલતા સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમોનું એફીલીએશન સરદાર પટેલ યુનિવર્સિટીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧થી ચાલુ જોડાણ ગણવાનું રહેશે.

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ૦૮/૦૬/૨૦૨૦ના રોજ માનનીય શિક્ષણમંત્રીશ્રી સાથે કુલપતિશ્રી તથા સી.વી.એમના પ્રમુખશ્રી ભીખુભાઇ પટેલ અને મંત્રીશ્રી મેહુલભાઇ પટેલની રૂબરૂ**

**મુલાકાત દરમ્યાન થયેલ ચર્ચા અનુસાર ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજો/ ઈન્સ્ટીટયુટ તથા તેમાં ચાલતા સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમોનું એફીલીએશન સરદાર પટેલ યુનિવર્સિટીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧થી ચાલુ જોડાણ રાખવું અને ત્રુટીઓની પૂર્તતા થયા બાદ કાયમી જોડાણ માટે વિચારણા કરી શકાય.**

**(એકેડેમિક વિભાગ)**

૨૦. સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક કેમેસ્ટ્રી વિભાગ દ્વારા M.Sc. Course માં પ્રથમ અને **દ્વિતિય** સેમેસ્ટરના ગુણાંકને આધારે વિદ્યાર્થીને ત્રીજા સેમેસ્ટરથી મેરીટ દ્વારા બ્રાંચ આપવામાં આવે છે તથા અન્ય યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં પ્રથમ સેમેસ્ટરથી વિદ્યાર્થીને બ્રાંચ આપવામાં આવે છે જેથી યુનિવર્સિટી કેમેસ્ટ્રી વિભાગના ત્રીજા સેમેસ્ટરથી અન્ય સંલગ્ન કોલેજોમાં વિદ્યાર્થીને ટ્રાન્સફર ન આપવા ચર્ચા વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે એક સમિતિની રચના કરવામાં આવી જેમાં સભ્યો તરીકે ડૉ. નિરંજન પટેલ, ડૉ. યજ્ઞેશ દલવાડી અને ડૉ. કે.સી. પટેલ, કુલપતિશ્રીના અધ્યક્ષસ્થાને કેમેસ્ટ્રી વિભાગના સ્ટાફ સાથે ચર્ચા કરી નિર્ણય લેવામાં આવશે.**

**(મહેકમ વિભાગ)**

૨૧. યુનિવર્સિટીની વિવિધ વહીવટી જગ્યાઓની ભરતી પ્રક્રિયા કરવા માટે લાયકાતના ધારાધોરણો તથા અન્ય આનુસંગિક બાબતો નક્કી કરવા માટે માનનીય કુલપતિશ્રી દ્વારા નિમેલ સમિતિ દ્વારા વિવિધ તારીખોએ સમિતિઓની સભાનું આયોજન કરવામાં આવેલ હતું. સમિતિ દ્વારા ભલામણ કરેલ સૂચિત શૈક્ષણિક લાયકાતના ધારાધોરણોનો અમલ કરવા વિચારણા કરવા બાબત. (બિડાણઃ૫)

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની વિવિધ વહીવટી જગ્યાઓની ભરતી પ્રક્રિયા કરવા માટે લાયકાતના ધારાધોરણો તથા અન્ય આનુસંગિક બાબતો નક્કી કરવા માટે માનનીય કુલપતિશ્રી દ્વારા નિમેલ સમિતિ દ્વારા વિવિધ તારીખોએ સમિતિઓની સભાનું આયોજન કરવામાં આવેલ હતું. સમિતિ દ્વારા ભલામણ કરેલ સૂચિત શૈક્ષણિક લાયકાતના ધારાધોરણો મંજૂર કરવામાં આવ્યા.**

**(એકેડેમિક વિભાગ)**

૨૨. આચાર્યશ્રી, શ્રી આર.પી.આર્ટ્સ, કે.બી.કોમર્સ એન્ડ શ્રીમતી બી.સી.જે. સાયન્સ કોલેજ, ખંભાતના તારીખઃ૬/૭/૨૦૨૦ના પત્ર નં. ૧૦૦/૨૦૨૦-૨૧થી તેમની કોલેજમાં નીચે મુજબના અધ્યાપકોની કરવામાં આવેલ નિમણૂંકોને માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત;

**શ્રી આર.પી.આર્ટ્સ, કે.બી.કોમર્સ એન્ડ શ્રીમતી બી.સી.જે. સાયન્સ કોલેજ, ખંભાત**

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| ૧. | Bhavikkumar Narendrakumar Joshi<br>બી.એસસી (કેમેસ્ટ્રી) માર્ચ-૨૦૧૩ ૬૧.૪૨%<br>એમ.એસસી (કેમેસ્ટ્રી) એપ્રિલ-૨૦૧૫ ૬૮.૭૦% | Assistant Professor in Chemistry | લાયકાત ધરાવે છે. |

| | | | |
|---|---|---|---|
| | **NET-JRF (કેમીકલ સાયન્સ) ડીસે. ૨૦૧૮**<br>**GATE - March, 2019** | | |
| ૨. | Dr. Sumeetkumar Jayantilal Patel<br>બી.એસસી (કેમેસ્ટ્રી) એપ્રિલ-૨૦૦૪ ૫૦.૮૭%<br>એમ.એસસી (કેમેસ્ટ્રી) એપ્રિલ-૨૦૦૬ ૫૭.૬૧%<br>**પીએચ.ડી. (કેમેસ્ટ્રી) જાન્યુઆરી-૨૦૧૦** | Assistant Professor in Chemistry | લાયકાત ધરાવે છે. |
| ૩. | Dr. Dharatibahen Shaileshkumar Patel<br>બી.એસસી (કેમેસ્ટ્રી) એપ્રિલ-૨૦૧૦ ૭૩.૭૯%<br>એમ.એસસી (કેમેસ્ટ્રી) મે-૨૦૧૨ ૭૭.૨૦%<br>**પીએચ.ડી. (કેમેસ્ટ્રી) સપ્ટેમ્બર-૨૦૧૭** | Assistant Professor in Chemistry | લાયકાત ધરાવે છે. |
| ૪. | Dr. Bhavdeep Kiritkumar Patel<br>બી.એસસી (કેમેસ્ટ્રી) એપ્રિલ-૨૦૦૪ ૫૫.૨૩%<br>એમ.એસસી (કેમેસ્ટ્રી) એપ્રિલ-૨૦૦૬ ૫૬.૮૦%<br>**પીએચ.ડી. (કેમેસ્ટ્રી) સપ્ટેમ્બર-૨૦૧૦** | Assistant Professor in Chemistry | લાયકાત ધરાવે છે. |

**આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196 અને Statute:197ની જોગવાઇ મુજબ શ્રી આર.પી.આર્ટ્સ, કે.બી.કોમર્સ એન્ડ શ્રીમતી બી.સી.જે. સાયન્સ કોલેજ, ખંભાતમાં ઉપરોક્ત ક્રમાંકઃ ૧ થી ૪ની કરેલ અધ્યાપકોની નિમણૂંકને માન્યતા આપવી.**

૨૩. નીચે દર્શાવેલ ગ્રાન્ટ-ઇન-એઇડ બી.એડ્. કોલેજો સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી ડી-એફીલીએટેડ થઇ ઇન્ડીયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર સાથે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૦૨૧ થી એફીલીએટેડ થયેલ છે. જેથી હાલની શિક્ષણશાસ્ત્ર અભ્યાસ સમિતિની યાદીમાં સમાવિષ્ટ સદર કોલેજોના આચાર્યો તથા અધ્યાપકોની સભ્ય તરીકે કરેલ નિમણૂક રદ કરવા બાબત.

| **અ.નં.** | **કોલેજનું નામ અને સરનામુ** | **શિક્ષણશાસ્ત્ર અભ્યાસ સમિતિમાંથી રદ થયેલ સભ્યનું નામ** |
|---|---|---|
| ૧. | આણંદ એજ્યુકેશન કોલેજ, આણંદ | ૧) ડૉ. પિનાકીનપ્રસાદ કે. યાજ્ઞિક, અધ્યાપક<br>૨) ડૉ. ધીરજભાઇ આર. પરમાર, આચાર્ય |
| ૨. | શ્રીમતિ બી.સી.જે. કોલેજ ઓફ એજ્યુકેશન, ખંભાત | ૧) ડૉ. એચ. જી. શાસ્ત્રી, અધ્યાપક |
| ૩. | શ્રીમતિ એસ.આઇ.પટેલ ઇપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન, પેટલાદ | ૧) ડૉ. યોગેશ આર. પરમાર, અધ્યાપક |
| ૪. | શ્રી આર. પી. અનડા કોલેજ ઓફ | ૧) ડૉ. શંકરભાઇ એલ. જાદવ, અધ્યાપક |

| | | |
|---|---|---|
| | એજયુકેશન, બોરસદ | ૨) ડૉ. જીતેશ કે. તલાટી, આચાર્ય |
| ૫. | એન.એચ.પટેલ કોલેજ ઓફ એજયુકેશન, આણંદ | ૧) ડૉ. એલ. એસ. બલાત, અધ્યાપક<br>૨) ડૉ. ડી. યુ. પટેલ, આચાર્ય |
| ૬. | એચ.એમ.પટેલ ઈન્સ્ટિટયૂટ ઓફ ટ્રેનિંગ એન્ડ રિસર્ચ, વલ્લભ વિદ્યાનગર | ૧) ડૉ. એન. વી. બોઝ, આચાર્ય |

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત ક્રમાંકનં ૧ થી ૬ માં દર્શાવેલ ગ્રાન્ટ-ઇન-એઇડ બી.એડ્. કોલેજો સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી ડી-એફીલીએટેડ થઇ ઇન્ડીયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટીચર એજયુકેશન, ગાંધીનગર સાથે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૦૨૧ થી એફીલીએટેડ થયેલ છે. જેથી હાલની શિક્ષણશાસ્ત્ર અભ્યાસ સમિતિની યાદીમાં સમાવિષ્ટ સદર કોલેજોના આચાર્યો તથા અધ્યાપકોની સભ્ય તરીકે કરેલ નિમણૂક રદ કરવી.**

**(પરીક્ષા વિભાગ)**

૨૪. જાન્યુઆરી-માર્ચ-૨૦૨૦ની યુનિવર્સિટીની પરીક્ષાઓમાં પરીક્ષાલક્ષી ગેરરીતી આચરતા પકડાયેલા પરીક્ષાર્થીઓ માટે તપાસ કરી તેને લગતી ભલામણો કરવા માટે તા.૧૭/૦૭/૨૦૨૦ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિ સમિતિએ કરેલી ભલામણો ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૬)

**આથી ઠરાવવામાં આવે છે કે જાન્યુઆરી-માર્ચ-૨૦૨૦ની યુનિવર્સિટીની પરીક્ષાઓમાં પરીક્ષાલક્ષી ગેરરીતી આચરતા પકડાયેલા પરીક્ષાર્થીઓ માટે તપાસ કરી તેને લગતી ભલામણો કરવા માટે તા.૧૭/૦૭/૨૦૨૦ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિ સમિતિની ભલામણો મંજૂર કરવી.**

**(સિન્ડિકેટ વિભાગ)**

૨૫. એકેડેમિક કાઉન્સિલની સભા તારીખઃ ૧૨/૦૨/૨૦૨૦, બુધવારના રોજ ૧૧:૦૦ કલાકે મળેલ હતી. સદર કાર્યનોંધની ભલામણ ક્રમાંકઃ૧૩ના અનુંસંધાનમાં નિયુકત સમિતિની તા.૧૮-૦૨-૨૦૨૦ થી ૨૭-૦૪-૨૦૨૦ દરમ્યાન કુલ પાંચ સભાઓ મળી હતી. સદર સમિતિએ કરેલ ભલામણો ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૭)

**આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સભા તારીખઃ ૧૨/૦૨/૨૦૨૦, બુધવારના રોજ ૧૧:૦૦ કલાકે મળેલ હતી. સદર કાર્યનોંધની ભલામણ ક્રમાંકઃ૧૩ના અનુંસંધાનમાં નિયુકત સમિતિની તા.૧૮-૦૨-૨૦૨૦ થી ૨૭-૦૪-૨૦૨૦ દરમ્યાન કુલ પાંચ સભાઓ મળી હતી. સદર સમિતિએ કરેલ ભલામણો મંજૂર કરવી.**

**(૧) જે-તે સંસ્થામાં ચાલતા સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમમાં ત્રણ વર્ષથી કોઈ પણ ક્વોલિફાઈડ અને યુનિવર્સિટી અપ્રુવ્ડ ટીચર નથી, તો જે-તે સંસ્થા દ્વારા ટીચર નિમણૂંક થાય ત્યાં સુધી નો-એડમિશન ઝોનમાં મૂકી શકાય.**

**(૨) જે-તે સંસ્થામાં ચાલતા અભ્યાસક્રમમાં એડ હોક/ ટેમ્પરરી/ અધ્યાપક-સહાયક/વિઝીટીંગ ફેકલ્ટીની લાયકાત/શૈક્ષણિક અનુભવની વિગતો, સંસ્થાએ યુનિવર્સિટીને સત્વરે મોકલી આપવા જાણ કરવી.**

**(કોલેજો/સંસ્થાઓ તાત્કાલિક જરૂરિયાતને સંતોષવા અને લાયકાત ધરાવતા શિક્ષકોની નિમણૂંકની કાર્યવાહી કરવા સુધી લાયકાત નહીં ધરાવતા શિક્ષકોની આવી નિમણૂંક ગણવામાં આવશે)**

**(૩) કવોલીફાઇડ ટીચર્સની નિમણૂંક માટે જે તે સંસ્થાએ તમામ જરૂરી કાર્યવાહી માટે સત્વરે પ્રયત્નો કરવા અને તેની યુનિવર્સિટીમાંથી માન્યતા મેળવવી.**

**(એકેડેમિક વિભાગ)**

૨૬. વિનયન(આટ્ર્સ) વિધાશાખાના અધ્યક્ષ(ડીનશ્રી)ની નિમણૂક કરવા બાબત.

**ચર્ચા વિચારણાના અંતે આથી ઠરાવવામાં આવે છે કે વિનયન(આટ્ર્સ) વિધાશાખાના અધ્યક્ષ(ડીનશ્રી) તરીકે ડૉ. નિરંજન પટેલને ત્રણ વર્ષ માટે તારીખઃ૨૨/૦૭/૨૦૨૦થી તારીખઃ ૨૧/૦૭/૨૦૨૩ સુધી યુનિવર્સિટીના નિયમાનુસાર નિમણૂક કરવી.**

૨૭. બિઝનેસ સ્ટડીઝ (કોમર્સ) વિધાશાખામાં અધ્યક્ષશ્રીની નિમણૂક કરવા બાબત.

**ચર્ચા વિચારણાના અંતે આથી ઠરાવવામાં આવે છે કે બિઝનેસ સ્ટડીઝ (કોમર્સ) વિધાશાખાના અધ્યક્ષ તરીકે ડૉ. સંદિપ ભટ્ટને ત્રણ વર્ષ માટે તારીખઃ ૨૨/૦૭/૨૦૨૦થી તારીખઃ ૨૧/૦૭/૨૦૨૩ સુધી યુનિવર્સિટીના નિયમાનુસાર નિમણૂક કરવી.**

૨૮. શિક્ષણશાસ્ત્ર વિધાશાખાના અધ્યક્ષશ્રી (ડીનશ્રી) ની નિમણૂંક કરવા બાબત.

**ચર્ચા વિચારણાના અંતે આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણશાસ્ત્ર વિધાશાખાના અધ્યક્ષ(ડીનશ્રી) તરીકે ડૉ. એસ. સી. પાડવીને ત્રણ વર્ષ માટે તારીખઃ ૨૨/૦૭/૨૦૨૦થી તારીખઃ ૨૧/ ૦૭/૨૦૨૩ સુધી યુનિવર્સિટીના નિયમાનુસાર નિમણૂક કરવી.**

૨૯. મેનેજમેન્ટ વિધાશાખાના અધ્યક્ષ(ડીન)શ્રીની નિમણૂક કરવા બાબત.

**ચર્ચા વિચારણાના અંતે આથી ઠરાવવામાં આવે છે કે મેનેજમેન્ટ વિધાશાખાના અધ્યક્ષ(ડીનશ્રી) તરીકે ડૉ. દર્શના દવે ને ત્રણ વર્ષ માટે તારીખઃ ૨૨/૦૭/૨૦૨૦થી તારીખઃ ૨૧/૦૭/૨૦૨૩ સુધી યુનિવર્સિટીના નિયમાનુસાર નિમણૂક કરવી.**

૩૦. હોમસાયન્સ વિધાશાખાના અધ્યક્ષની નિમણૂંક કરવા બાબત.

**ચર્ચા વિચારણાના અંતે આથી ઠરાવવામાં આવે છે કે હોમસાયન્સ વિદ્યાશાખાના અધ્યક્ષ(ડીનશ્રી) તરીકે ડૉ. નમ્રતા કોલાને ત્રણ વર્ષ માટે તારીખઃ ૨૨/૦૭/૨૦૨૦થી તારીખઃ ૨૧/૦૭/૨૦૨૩ સુધી યુનિવર્સિટીના નિયમાનુસાર નિમણૂક કરવી.**

૩૧. કાયદાશાસ્ત્ર વિદ્યાશાખાના અધ્યક્ષની નિમણૂક કરવા બાબત.

**ચર્ચા વિચારણાના અંતે આથી ઠરાવવામાં આવે છે કે કાયદાશાસ્ત્ર વિદ્યાશાખાના કા.વિભાગીયવડા ડૉ. નિરંજન પટેલને કા.અધ્યક્ષ(ઈ.ડીનશ્રી) તરીકે અન્ય આદેશ ન થાય ત્યાં સુધી નિમણૂંક કરવી.**

**(એસ્ટેટ વિભાગ)**

૩૨. તારીખઃ૧૮/૦૭/૨૦૨૦ શનિવારના રોજ મળેલ બિલ્ડીંગ એન્ડ એસ્ટેટ કમિટિની કાર્યનોંધ મંજૂર કરવા બાબત. (બિડાણઃ૮)

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ૧૮/૦૭/૨૦૨૦ શનિવારના રોજ મળેલ બિલ્ડીંગ એન્ડ એસ્ટેટ કમિટિની કાર્યનોંધ મંજૂર કરવામાં આવી, સિક્યુરીટી સર્વિસ કામગીરી માટે L1 ને ઓર્ડર આપવો.**

**(હિસાબ વિભાગ)**

૩૩. યુનિવર્સિટીના તારીખઃ૦૯/૦૬/૨૦૨૦ના પત્રાંકઃકા.કુ./૪૪૫ થી અનુસ્નાતક વિભાગો પાસેથી વૈજ્ઞાનિક સાધનો, પુસ્તકો ઇત્યાદીની માહિતી મંગાવવામાં આવેલ તે સંદર્ભે કુલ ૧૫ વિભાગો પાસેથી માહિતી મળેલ છે. જેની વર્તમાન કિંમતો નીચે મુજબ છે, તેની વીમા પોલીસી ઉતારવા માટે ચર્ચા વિચારણા કરવા બાબત.

**(બિડાણઃ ૯)**

| ક્રમાંક | વિગત | જુની વીમા પોલીસી મુજબ રકમ રૂા. | મંગાવેલ માહિતી મુજબ રકમ રૂા. |
|---|---|---|---|
| ૧ | મકાનો | ૧૯૬૬૦૦૦૦૦ | ૫૧૫૧૮૩૫૦૦ |
| ૨ | પુસ્તકો | ૧૦૦૦૦૦૦૦૦ | ૭૩૬૬૪૨૦૦ |
| ૩ | કોમ્પ્યુટર સિસ્ટમ | ૧૦૦૦૦૦૦૦૦ | ૫૨૭૮૯૦૦ |
| ૪ | લેબોરેટરી સાધનો | ૨૩૦૦૦૦૦૦૦ | ૩૨૫૨૮૧૯૦૦ |
| ૫ | પ્રેસ અને મશીનરી | ૬૫૫૦૦૦ | ૬૧૯૦૦૦ |
| ૬ | ફર્નિચર /ફીક્ષચર | ૫૦૦૦૦૦૦૦ | ૮૫૦૦૦૦૦૦ |
| ૭ | એરકન્ડીશન તથા અન્ય | -- | ૩૨૮૭૦૦ |
| ૮ | ઉત્તરવહી તથા કાગળો | -- | ૪૭૦૦૦૦૦ |
| | **કુલ રકમ રૂા.** | **૬૭૭૨૫૫૦૦૦** | **૧૦૧૦૦૫૬૨૦૦** |

ચર્ચા વિચારણાના અંતે આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના તારીખ:૦૯/૦૬/૨૦૨૦ના પત્રાંક:કા.ફુ./૪૪૫ થી અનુસ્નાતક વિભાગો પાસેથી વૈજ્ઞાનિક સાધનો, પુસ્તકો ઇત્યાદીની માહિતી મંગાવવામાં આવેલ તે સંદર્ભે કુલ ૧૫ વિભાગો પાસેથી માહિતી મળેલ છે. જેની વર્તમાન કિંમતો ઉપરોકત કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ છે, તેની વીમા પોલીસી ઉતારવા મંજૂર કરવામાં આવ્યું.

**અધ્યક્ષસ્થાને થી રજૂ થયેલ બાબત.....**

જે શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓ મેડીકલેઇમ પોલીસી ધરાવતા ન હોય તેમને ૬.૫ મહિનાનો કોરોના વિમાકવચ યુનિવર્સિટી ફંડમાંથી આપવા મંજૂરી આપવામાં આવી છે.

નંબર: કે.૪/૧૨૮૨

વલ્લભ વિદ્યાનગર

તારીખ:૨૩/૦૭/૨૦૨૦

કા. કુલસચિવ

પ્રતિ,

સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ જોગ.